# કુલસચિવશ્રીની કચેરી,
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**—::પરિપત્ર::—**

**દિવાળીની રજાઓ જાહેર કરવા અંગે**

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના તાબા હેઠળની તમામ યુનિટ/ સબયુનિટની કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય ગાંધીનગરના તા.૨૯/૦૯/૨૦૧૫ના જાહેરનામાંથી તા.૩૧/૧૦/૨૦૧૬ના અને ૦૧/૧૧/૨૦૧૬ ના રોજ દિવાળીના તહેવારોની રજા જાહેર કરેલ છે. કૃષિ યુનિવર્સિટીઓમાં અધિકારીશ્રી /કર્મચારીઓને વેકેશનની જોગવાઈ ન હોઈ જેના અનુસંધાને યુનિવર્સિટીના કર્મચારી / અધિકારીશ્રીઓ દિવાળીના તહેવારો પરિવાર સાથે આનંદ ઉલ્લાસથી ઉજવે અને વતનમાં જઈ શકે તેવા શુભ આશયથી તેમજ યુનિવર્સિટીના વિવિધ કર્મચારી મંડળોની રજુઆતને ધ્યાને લેતા દિવાળીના તહેવારો દરમ્યાન માન.કુલપતિશ્રી ધ્વારા અન્ય જાહેર રજા ભરવાની શરતે નીચેની વિગતે બે રજા જાહેર કરવામાં આવે છે.

| જાહેર કરવામાં આવતી રજાઓ | | જાહેર કરેલ રજાઓના બદલામાં ભરવાની થતી રજાઓની તારીખો |
|---|---|---|
| તા.૨૯.૧૦.૨૦૧૬ | શનિવાર | તા.૧૨.૧૧.૨૦૧૬ ના બીજો શનિવારની જાહેર રજાએ ભરવાની શરતે |
| તા.૦૨.૧૧.૨૦૧૬ | બુધવાર | તા.૨૬.૧૧.૨૦૧૬ ના ચોથો શનિવારની જાહેર રજાએ ભરવાની શરતે |

દિવાળીના રજાઓના અનુસંધાને જો રાજય સરકાર દ્વારા ઉપરોકત બે દિવસો પૈકીની કોઈ એક દિવસની રજા જાહેર કરવામાં આવે તો તે મુજબનો અમલ કરવાનો રહેશે.

ઉપરોકત જાહેર રજાઓ દરમ્યાન ફાર્મ/ ડેરી / લેબોરેટરી તથા અગત્યની આવશ્યક સેવાઓની કામગીરીને કોઈ અસર ન પડે તે હેતુસર જે તે યુનિટ / કચેરી કક્ષાએથી આયોજન પૂર્વક કામની યોગ્ય વ્યવસ્થા જે તે કચેરીના વડાએ અંગત ધ્યાન આપી કરવાની રહેશે. રજાના દિવસો દરમ્યાન કરવામાં આવેલ આયોજનની જાણ સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીને કરવાની રહેશે.

સદરહુ પરિપત્ર અત્રેની નોંધ ફાઈલ ઉપર મા. કુલપતિશ્રીની મંજૂરી મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજથી/અ–૩–૩/ ૧૩૯૪૫-૯૪/૨૦૧૬
નવસારી તા:૧૮/ ૧૦ /૨૦૧૬

ઈ/ચા.કુલસચિવ

**નકલ સવિનય રવાનાઃ–**

(૧) નાયબ સચિવશ્રી (કૃષિ યુનિ.), કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) સેકશન અધિકારીશ્રી, (ક.૨) કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૩) મા.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ / જુનાગઢ / સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારૂ.
(૪) કુલસચિવશ્રી, આણંદ / જુનાગઢ / સરદાર કૃષિ યુનિવર્સિટી તરફ જાણ થવા સારૂ.
(૫) સહ પ્રાધ્યાપકશ્રી, રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદ, સેકટર–૧૦–એ, કૃષિ ભવન, ગાંધીનગર તરફ જાણ થવા સારું.
(૬) નવસારી કેન્દ્રના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારું

**નકલ રવાના :–**

સીકયુરીટી ઓફીસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.